નાગા બાવાનો વેશ ધારણ કરી સોનાના દાગીના તેમજ રોકડ સેરવી લેતા બે સગા ભાઈઓ ઝડપાયા

પોલીસે અંગજડતી લેતા તેઓની પાસેથી દોઢ લાખ રોકડા, સોનાની ચેઈન અને લકી મળી કુલ ૪,૭૨,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર સહિત અન્ય સ્થળોએ કારમાં ફરી નાગા બાવાનું રૂપ ધારણ કરી એકલી જતી વ્યકિતને માર્ગમાં રોકી આશ્રમનું સરનામુ પુછવાના બહાને ધ્યાન ભટકાવી સોનાના દાગીના તેમજ રોકડ રકમ સેરવી લેનાર બે સગાભાઈઓને

એલસીબી પોલીસે પિયજ કેનાલ પાસેથી પકડી પાડ્યા છે. પોલીસે બંને ભાઈઓની અંગજડતી લેતા તેમની પાસેથી સોનાની ચેઈન તેમજ લકી અને રૂ.૧.૫૦ લાખ રોકડા મળી કુલ રૂ.૪.૭૨.૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા તેમજ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ શહેર-જિલ્લામાં ગુનાહિત પ્રવૃતિઓ અટકાવી કડક કામગીરી કરવા માટે સુચના આપી હતી. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જેને પગલે એલસીબી પીએસઆઈ આરતી એનુરકાર ટીમ સાથે પેટ્રોલીંગમા હતા તે સમયે સાથે રહેલા કોન્સ્ટેબલ જીગ્નેશકુમારને ખાનગી રાહે બાતમી મળી હતી કે બે શખ્સો પિયજ કેનાલ પરથી પસાર થઈ રહ્યા છે. જેમાં એક શખ્સે ભગવા કલરના કપડા પહેર્યા છે તેમજ બીજા શખ્સે ટીશર્ટ અને લોઅર પહેરેલ છે.આ શખ્સો નાગરીકોને વિશ્વાસમાં લઈ દાગીના અને રોકડ સેરવી લેતા હોય છે. જેથી પોલીસે તાત્કાલીક બાતમીવાળી જગ્યાએ જઈને દહેગામ ગણેશપુરા મદારીનગરના અને હાલ રામોલ ગલોડીયાનો ટેકરો અમદાવાદ ખાતે રહેતા પરદેશીનાથ હજાનાથ પઢીયાર (મદારી) તેમજ જવારીનાથ હજાનાથ પઢીયારને પકડી પાડ્યા હતા. પોલીસે બંન્ને શંકાસ્પદ શખ્સોની અંગજડતી લેતા તેમની પાસેથી સોનાની ચેઈન તેમજ લકી નંગ-૨ અને દોઢ લાખ રૂપીયા રોકડા મળી કુલ રૂ.૪.૭૨.૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

એલસીબી પોલીસે રોકડા રૂપીયા અને સોનાના દાગીના અંગે પુછતાછ કરતા જણાવ્યું હતું કે બંન્ને ભાઈઓ તેમના સાગરીત કાળુનાથ ગુલાબનાથ મદારીની કારમાં ગાંધીનગર અને મહેમદાવાદ મહુધા સહિત સાબરકાંઠાના વડાલી વિસ્તારમાં ફરતા હતા. ત્યારબાદ જવારીનાથ નાગાબાવાનો વેશ ધારણ કરી એકલી જતી વ્યકિતને આશ્રમનુ સરનામુ પુછવાના બહાને રોકીને વાતોમાં ધ્યાન ભટકાવી સોનાના દાગીના તેમજ રોકડ રકમ કાઢી લઈને કારમાં નાસી જતા હતા. એમઓથી તેઓએ પાંચ માસ પહેલા ખેડબ્રહ્મા માર્ગ પરથી એક વ્યકિતનો સોનાનો દોરો કાઢી લીધો હતો. જે બનાવ અંગે વડાલી પોલીસ મથકે ફરીયાદ પણ નોંધાઈ છે. જયારે પોલીસે બે ગુનાનો ભેદ ઉકેલી દાગીના રોકડ રકમ સહિત ૪.૭૨,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તપાસ શરુ કરી છે.

સશકત સમાજ રચનામાં સેવાભાવી સંસ્થાઓ સરકારને સહયોગ કરે : કલેકટર

કલોલના ૧૧ ગામની ૩૫૧ સગર્ભા મહિલાઓમાં એનીમીયાનું પ્રમાણ ઘટાડવા એસ્ટ્રેલ ફાઉન્ડેશનનો પ્રોજેક્ટ

ગાંધીનગર, તા. ૧૬

સ્વસ્થ અને સશકત સમાજની રચના માટે સરકાર કટિબદ્ધ છે પણ આ કાર્યમાં સમાજસેવી સંસ્થાઓ પૂરક બને તો આ કામગીરી વધુ સરળ થઈ શકે છે તેમ જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ જણાવ્યુ છે.

આજે કલોલ તાલુકાના વડસર ગામે એસ્ટ્રેલ ફાઉન્ડેશન દ્વારા કલોલ તાલુકાના ૧૧ ગામની મહિલાઓમાં એનીમીયાનું પ્રમાણ ઘટાડવા માટે હાથ ધરાયેલ પ્રોજેકટનો પ્રારંભ કરાવતાં કહ્યા હતા.

જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને પણ સશકત મહિલા એ સશકત સમાજની રચનાનો મુખ્ય પાયો છે અને એનીમીયાનું પ્રમાણ મહિલાઓમાં વધુ હોય છે ત્યારે આ પ્રોજેક્ટ

અમલમાં મુકવાનો આ અભિગમ અભિનંદનીય છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત કલોલ તાલુકાના ૧૧ ગામ મોટી ભોંયણ, દંતાલી, જેઠલજ, કારોલી, ખાત્રજ, રકનપુર, રણછોડપુરા, સબાલપુરા, શનાવાડ, સાંતેજ, વડસરમાં હાથ ધરવામાં આવ્યો છે.

સગર્ભા સ્ત્રીઓમાં એનીમીયાનું પ્રમાણ ઘટે અને આરોગ્યનું સ્તર ઉંચુ લાવવાના પ્રયાસરૂપે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.

આ પ્રસંગે એસ્ટ્રેલ લિમિટેડના હિરાનંદ સાવલા, ન્યુટ્રીશ્યન મિશન ડાયરેક્ટર ડૉ. સુનીલ નાયક અને જિલ્લા આરોગ્યના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ પ્રોજેક્ટ માટે એસ્ટ્રેલ દ્વારા રૂ. ૨.૦૭ કરોડની જંગી રકમ ફાળવવામાં આવી છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત સગર્ભા મહિલાઓને સુપોષણ માટે ખાસ આરોગ્યપ્રદ બિસ્કીટ આપવામાં આવશે. ૧૧ ગામની ૩૫૧ સગર્ભા મહિલાઓને આ પ્રોજેક્ટ અંતર્ગત આવરી લેવામાં આવી છે. કિશોરીઓમાં પણ એનીમીયાનું પ્રમાણ ઘટે તે જોવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા મેડીકલ સ્ટાફ અને તાંત્રિક સહયોગ આપવામાં આવનાર છે.

કોરોના દરમિયાન કરેલ સેવા બદલ જીતુ વાઘાણીનું વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા સન્માન કરાયુમ

ગાંધીનગર, તા. ૧૬

ભારત સહીત સમગ્ર વિશ્વ જયારે કોરોના ની મહામારી સામે લડી રહ્યું છે ત્યારે ગુજરાતમાં વિવિધ જગ્યાએ લોકો પોતાની શક્તિ પ્રમાણે અને તેનાથી પણ

વધારે મદદ કરી રહ્યા છે ત્યારે ગાંધીનગરમાં નગરના અગ્રણી સહીત નગરના તમામ સેવાભાવી અગ્રણીઓ દ્વારા પોતાની શક્તિથી પણ વધારે ઈશ્વર કૃપાથી શક્ય તમામ મદદ કરીને ક્યાંક ને ક્યાંક લોકોની જિંદગી બચાવી રહ્યા છે અને સેવા પરમો ધર્મના સૂત્રને સાર્થક કરી માનવધર્મ નિભાવી રહ્યા છે. આ તબક્કે લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા નગરના તમામ અગ્રણીઓનું તેમની સમાજ પ્રત્યેની સેવા અને પ્રતિબદ્ધતા બદલ સન્માનપત્ર આપવામાં આવ્યું હતું. સંસ્થાના યુરોપના પ્રેસિડેન્ટ વિલિયમ ઝેચલર, ભારતના પ્રેસિડેન્ટ સંતોષ શુકલ, વાઇસ પ્રેસિડેન્ટ દિવ્ય ત્રિવેદી, ગુજરાતના પ્રેસિડેન્ટ અશ્વિનભાઈ ત્રિવેદી તથા ઉપપ્રમુખ દિવ્યાંગ ગાંધી દ્વારા અગ્રણીઓનું સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવેલ અને તેમની સેવાઓની પ્રશંસા કરી હતી.

અબોલ પ્રાણીઓ પ્રત્યે "ગાંઠનું ગોપીચંદન" કરીને અનુકંપા દાખવતો યુવાન...

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર એક પ્રકૃતિ અને અબોલ પ્રાણીઓ પ્રત્યે સંવેદના ધરાવતા નાગરિકોનું શહેર છે અને આ સંવેદના શહેરની યુવા પેઢીમાં પણ જોવા મળી રહી છે. શહેરના સેક્ટર-૬ માં રહેતો સિદ્ધાર્થ મેહુલભાઈ નાયક નામનો યુવાન છેલ્લાં એક માસથી પોતાના સેક્ટર તથા આસપાસના વિસ્તારમાં અબોલ પ્રાણીઓ જેવા કે કૂતરાં, ગાય, વાંદરા વગેરેને પોતાના ખિસ્સાના ખર્ચે ખોરાક ખવડાવે છે તેમજ દૂધ પીવડાવે છે.

સે. ૬ ના સિદ્ધાર્થ નાયકને શહેરમાં અબોલ પ્રાણીઓ પ્રત્યે ભારે અનુકંપા જાગી છે અને તેણે છેલ્લાં એક માસથી પોતાના રહેણાંક વિસ્તાર સહિતના વિવિધ સ્થળે ફરી ફરીને કૂતરાંને બિસ્કીટ ખવડાવવા તથા ગાયને ખોરાક ખવડાવવા જેવી સેવાકીય પ્રવૃત્તી કરી રહ્યો છે. શરૂઆતમાં તે પોતાનું સ્કૂટર લઈને એકલો નીકળી પડતો હતો પરંતુ જેમ જેમ તેની આ પ્રવૃત્તિની તેના મિત્રોને ખબર પડવા લાગી ત્યારથી તેઓ પણ પોતાની અનુળતા મુજબ તેની સાથે જોડાવાં લાગ્યાં છે. જો કે મિત્રો દ્વારા આ સેવાકાર્ય માટે આર્થિક મદદની ઓફર સિદ્ધાર્થ સ્વીકારતો નથી અને પોતાના "ગાંઠનું જ ગોપીચંદન" કરીને શહેરમાં અબોલ પ્રાણીઓની સેવા કરી રહ્યો છે. કૂતરાંઓને દૂધ પીવડાવવા તેણે ખાસ પ્રકારના બાઉલ પણ વસાવી લીધા છે અને તે જે રીતે કૂતરાં તથા અન્ય પ્રાણીઓને વ્હાલ કરતો હોય છે તે નિહાળીને નજીકમાંથી પસાર થતાં નાગરિકો પણ તેને જોતા રહી જાય છે.

સેકટર-૧૩ છાપરા ખાતે પિતાએ બે પુત્રો સાથે દવા પી આપઘાતનો પ્રયાસ

ગાંધીનગર, તા.૧૬

શહેરના સેકટર-૧૩ છાપરા વિસ્તારમાં રહેતા યુવકે પોતાના બે બાળકો સાથે ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી હતી. પત્ની રીસાઈને દોઢ મહિનાથી પિયર જતી રહેતા ઘરનું કામકાજ અને નાના બાળકોની સારસંભાળથી કંટાળી ગયેલા યુવકે બાળકો સાથે આપઘાતનો પ્રયાસ કરતા સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૧૩ છાપરા ખાતે રહેતા ગોવિંદ ઉર્ફે વિક્રમ ભાવુભાઈ સોલંકી (વાલ્મિકી) ના લગ્ન આઠ વર્ષ અગાઉ અમદાવાદના ઠક્કરનગર વિસ્તારમાં રહેતા શંકરભાઈ વાલ્મિકીની દિકરી સાથે થયા હતા. લગ્ન જીવન દરમિયાન પરિણિતાએ બે દિકરા રાજ (ઉં.૬) અને દેવરાજ (ઉં.૪) તેમજ દિકરીને જન્મ આપ્યો હતો. જે હાલ પાંચ માસની છે. પરિણિતા છેલ્લા દોઢ માસથી પાંચ માસની દિકરી સાથે પિયર ગઈ છે. જેથી શ્રમજીવી યુવક બે દિકરાની સારસંભાળની જવાબદારી તેમજ ઘરના કામકાજથી નાસીપાસ થઈ ગયો હતો. ગતરોજ ગોવિંદ કચરો વિણવા માટે ગયો હતો. તે સમયે તેને કચરામાંથી ઝેરી દવાની બોટલ મળી આવી હતી. જે પોતાની પાસે રાખીને લઈ સાંજે ઘરે ગયો હતો.રાત્રીના નવ વાગ્યાના અરસામાં યુવકે દુધમાં ઝેરી દવા મિલાવી બે બાળકોને પીવડાવી દીધા બાદ પોતે પણ પી જઈને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. દવાની અસર થતા બેભાન થઈ જતા તે સમયે તેના કાકા ત્યાં પહોંચી ગયા હતા. તેઓએ ત્રણેયને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડયા હતા.

જયા રાજ અને દેવરાજને પીઆઈસીયુ વોર્ડમાં અને ગોવિંદને તાત્કાલીક વિભાગમાં સારવાર શરુ કરવામાં આવી હતી. બનાવની જાણ થતા ગોંવિદના મોટાભાઈ પ્રભુભાઈ પણ સિવિલ ખાતે દોડી આવ્યા હતા.બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગોવિંદ સોલંકી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી દ્વારા દુર્ઘટના અંગે શોક વ્યકત કરી મૃતકોને દિઠ બે-બે લાખની સહાય

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આણંદ જિલ્લાના તારાપુર ઈન્દ્રણજ ગામ નજીક બુધવારે સવારે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં જાન ગુમાવનારા મૃતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ પણ આ દુર્ઘટના અંગે દુ:ખ વ્યકત કરી અકસ્માતમાં માર્યા ગયેલા વ્યક્તિઓને રૂ. ૨ લાખની સહાય આપવાની ઘોષણા કરી છે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આ માર્ગ અકસ્માતમાં જાન ગુમાવનારા પ્રત્યેક મૃતક દિઠ મુખ્યમંત્રી રાહત નિધિમાંથી રાજ્ય સરકાર દ્વારા રૂ. બે લાખની સહાય આપવાની જાહેરાત કરી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોને ત્વરિત અને યોગ્ય મદદ પૂરી પાડવા આણંદ જિલ્લા કલેકટર સાથે તાત્કાલિક ટેલીફોનીક વાતચીત કરી સૂચનાઓ આપી હતી.

કોલવડાની સમસ્યાઓ અંગે કોંગ્રેસના ઉમેદવારોનું આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના વોર્ડ નંબર-૭માં સમાવિષ્ટ કોલવડા ગ્રામ્ય વિસ્તારમાં પાયાની સમસ્યાઓ

જેવી કે પાણી, ગંદકી અને સ્ટ્રીટલાઈટ વગેરે માટે કોંગ્રેસના ઉમેદવારો દ્વારા આજે મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

શહેરમાં ફરી એકવાર ચૂંટણીનો માહોલ ધીમે ધીમે ગરમાઇ રહ્યો છે ત્યારે રાજકીય પક્ષો દ્વારા તેમના ઉમેદવારો અને કાર્યકરોને સક્રિય કરી દેવામાં આવ્યા છે. હવે કોરોના મહામારીના કેસો પણ તદ્દન ઘટી જવાને કારણે સ્થાનિક સમસ્યાઓ તરફ વળ્યું છે જેને ઉકેલવાનો પ્રયાસ કરીને તેઓ મતદારોનો વિશ્વાસ જીતવા મથામણ કરી રહ્યાં છે. વોર્ડ નં.૭માં સમાવિષ્ટ કોલવડા ગામના પગીવાસમાં પુરતા ફોર્સથી પાણી આવતું ન હોવાની સમસ્યા તથા પાંડવનગરમાં પણ પાણીનો પ્રશ્ન અને દરબાર ભાગોળથી ચામુંડાપૂરા જવાનો સંપૂર્ણ માર્ગ પાણીથી ભરાઈ રહે છે તેથી ગંદકી થવાથી નાગરિકોને અવરજવરમાં તકલીફ પડવા સાથે રોગચાળો ફાટી નિકળવાની સંભાવના સર્જાવા પામી છે. આ ઉપરાંત ગામની કેટલીક સ્ટ્રીટલાઈટો પણ બંધ છે. આ સમસ્યાઓને અનુલક્ષીને ગાંધીનગર ખાતે વોર્ડ નં.૭ ના કોંગ્રેસ કોર્પોરેટરના ઉમેદવાર અમરતજી ઠાકોર તથા જીતેન્દ્રસિંહ વાઘેલા તથા ગાંધીનગર કોંગ્રેસના કાર્યકારી શહેર પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલા સાથે કોલવડા ગામની સમસ્યાઓને લઈને કમિશનરને આવેદન આપ્યુ હતું.

આકાશવાણી દિલ્હીના જાણીતા ગુજરાતી સમાચારવાચક સવાઈલાલ અજમેરાનું અવસાન

આકાશવાણી દિલ્હીથી પ્રસારિત થતા ગુજરાતી સમાચારના જાણીતા ઉદ્ઘોષક સવાઈલાલ અજમેરાનું ૯૪ વર્ષની વયે દિલ્હીમાં અવસાન થયું છે. એક લાબું અને

એકંદરે નિરોગી, સ્વસ્થ, પ્રસન્ન આયુષ્ય વિતાવી તેમણે છેલ્લા શ્વાસ લીધા હતા. તેઓ સાદગીપૂર્ણ સંયમી જીવન, માયાળુ સ્વભાવ તથા કર્મનિષ્ઠતા અને વ્યવહારમાં ચોકસાઈ, હિન્દીના આગ્રહી તરીકે બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા આદર્શ વ્યક્તિ તરીકે જાણીતા હતા. તેમણે આકાશવાણી મુખ્ય કાર્યાલય નવી દિલ્હીમાં લગભગ સાડા ચાર દાયકા ઉપરાંતની બહુ લાંબી સેવા આપી હતી. આ અગાઉ તેમણે ઉત્તરપ્રદેશ તથા દેશનાં ઉત્તરી રાજ્યોમાં છૂટક વેચાણની નાની-નાની કામગીરી કરીને પછી સિત્તેરના દાયકામાં હંગામી ધોરણે આકાશવાણીમાં સમાચાર અનુવાદક અને વાચક તરીકે જોડાયા હતા. ઘણાં વરસ અનુબંધ મુજબ કામ કર્યા બાદ તેમને કાયમી કર્મચારી તરીકે નિમણૂંક કરાયેલા અને નેવુંના દાયકા મધ્યે સેવાનિવૃત્ત થયા પછી પણ તેમણે લગભગ અઢી દાયકા ઉપરાંત સુધી કેઝ્યુઅલ ન્યૂઝરીડર તરીકે સેવા ચાલુ રાખી હતી. ૨૦૧૭માં આકાશવાણી દિલ્હી ખાતેથી ગુજરાતી સમાચાર પ્રસારણ બંધ થયું અને એ વિભાગ અમદાવાદમાં સ્થળાંતર થયો ત્યાં સુધી તેઓ અનેક અનુવાદકો, સમાચાર વાચકો અને જરૂરતમંદો માટે પ્રોત્સાહક તથા માર્ગદર્શકની ભૂમિકામાં રહ્યા હતા.

બાંધકામ સાઈટ પરથી અકસ્માતે નીચે પડતા યુવકનું મૃત્યું

ગાંધીનગર શહેર નજીક ન્યુ ગાંધીનગર વિસ્તારમાં આવેલી બાંધકામ સાઈટ પર કામ કરતો શ્રમિક યુવાન અકસ્માતે નીચે પડી જતાં સારવાર દરમ્યાન મૃત્યું નિપજ્યુ હતુ. મુળ રાજસ્થાનનો યુવક બંટીલાલ જાદવ (ઉં.વ.૩૨) આશ્કા હોસ્પિટલની પાછળ આવેલી બાંધકામ સાઈટ પર કામ કરતો હતો. યુવક રાત્રે ધાબા પર સુઈ ગયો હતો. જયારે સવારે યુવક શૌચક્રિયા માટે નીચે ઉતરી રહ્યો હતો તે સમયે અકસ્માતે નીચે લીફટના ખાડામાં પડી જતાં ગંભીર ઈજા પહોંચી હતી. યુવકને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયો હતો. જ્યાં યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ થયુ હતુ. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તાવના દર્દી શોધ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મચ્છરોની ઉત્પત્તિ થતી હોય છે. આ વખતે શહેરમાં મચ્છરોની ઉત્પત્તિને અટકાવવા તેમજ વરસાદી પાણીનો ઝડપી નિકાલ થાય તે માટે તંત્રએ અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. શહેરમાં ગઈ વખતે પણ કોરોનાની મહામારી વચ્ચે ચિકનગુનિયાના ૧૦૦ જેટલા કેસો નોંધાયા હતા જે નોંધનીય છે. શહેરમાં આ વખતે વાહકજન્ય રોગચાળો શરૂઆતથી જ નિયંત્રણમાં રહે તે માટે તંત્રએ આખો એકશન પ્લાન તૈયાર કરી આ રોગચાળા માટેના સંવેદનશીલ વિસ્તારોને અલગ તારવ્યા છે તેમજ આ વિસ્તારોમાં સર્વેલન્સ અને એન્ટી લાર્વેલની કામગીરી પણ સઘન અભિયાનના સ્વરૂપમાં હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે.

પગાર મળતો નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંગે નક્કર કાર્યવાહી ન થઈ રહી હોવાથી આ નાના કર્મચારીઓમાં રોષની લાગણી જન્મી છે. જિલ્લા પંચાયતના ભાજપના પ્રમુખને પણ આ વાતને લઈ કર્મચારીઓએ રજુઆત કરી હતી પરંતુ હજુ સુધી કોઈ જ નક્કર કાર્યવાહી થઈ નથી. માત્ર ૬ થી ૯ હજારનો પગાર જ એજન્સીઓ દ્વારા ચુકવવામાં આવે છે. મોંઘવારીના આ સમયમાં આ કર્મચારીઓને ઘર ચલાવવાના પણ પ્રશ્નો ઉભા થયા છે અને દર મહિને ઉછીના-પાછીના કરવામાં દેવાદાર બની ગયા છે. રાજ્ય સરકાર દ્વારા આ દિશામાં નક્કર કાર્યવાહી કરવામાં આવે તેવી લાગણી આ કર્મચારીઓણાં પ્રવર્તી રહી છે તેમજ નિયમિત પગાર ચુકવણુ થાય તે જોવાય તેવી લાગણી ઉભી થઈ છે.

જમીનદોસ્ત...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના મુખ્યમાર્ગો પર પણ દીશાસુચક તેમજ સ્થળ દર્શાવતા વિવિધ નાના મોટા બોર્ડસની હાલત પણ આવી જ છે. ઘ- ૩ થી ગ- ૩ તરફ જવાના માર્ગ પર મહાત્મા મંદિર તરફ જવાની દીશા દર્શાવતુ બોર્ડ હાલ દીશાવિહીન થઇ ગયુ છે. એકબાજુ ફુટપાથની હાલત પણ અત્યંત કંગાળ છે. આમ નાગરિકોને નડતી મુશ્કેલીઓ દુર કરવા માટે તંત્ર બેધ્યાન અને નિષ્ક્રીય હોવાનો આકોશ પણ નગરજનો ઠાલવી રહ્યા છે.

ત્રીજી લહેર માટે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંયુક્ત બેઠક યોજી આગામી ત્રણ માસમાં સંપૂર્ણપણે વ્યવસ્થાઓ કાર્યરત થાય તે જોવા જણાવ્યુ હતુ. તેમણે ગુરૂવારથી જ આ કામગીરી ઉપાડી લેવા અને યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવા જણાવ્યુ હતુ. તેમણે કહ્યુ કે આપણે પ્રાર્થના કરીએ કે થર્ડ વેવ આવે જ નહિ પરંતુ જો આવે તો મૃત્યુઆંક વધે નહિ, સંક્રમિતોને ત્વરિત સારવાર મળે, હોસ્પિટલમાં બેડ, દવા, ઓક્સિજન સહિતની પુરતી વ્યવસ્થા મળે અને ઝડપથી રિકવર થાય તેવા ત્રેવડા વ્યુહથી સજ્જ થઈને કાર્ય યોજના ટાઉમ આઉન્ડ પુરી કરવાની છે. મુખ્યમંત્રીએ ખાસ કરીને હોસ્પિટલમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જરૂરી દવાઓ, ટેસ્ટ કીટ અને ઈન્જેક્શનનો પુરતો જથ્થો પણ આગોતરા આયોજન સાથે મેળવી લેવા સૂચવ્યુ હતુ. તેમણે વેક્સિનેશનનો વ્યાપ નગરો, શહેરો અને ગ્રામ્યસ્તરે ઝુંબેશરૂપે ખાસ મુવમેન્ટથી ચલાવવા તાકીદ કરી હતી અને પોલિંગ બુથ પેટર્ન પર વેક્સિનેશન સેન્ટર શરૂ કરીને વધુ લોકોને વેક્સિનેશન અંતર્ગત આવરી લેવા સેવાભાવી સંસ્થાઓ, સામાજિક સંગઠ્ઠનો, પદાધિકારીઓ સહિતના સૌનો સહયોગ લેવા પણ સૂચન કર્યુ હતુ.

ડામર માર્ગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે બીજીતરફ માર્ગો પર સફાઇ ન થતા સે-૬ માં એક આખો રસ્તો અદ્રશ્ય થઇ ગયો છે. સે-૬માંથી સે-૫ તરફ જવાના માર્ગ પર છેલ્લા એક વર્ષથી માટી પથરાયેલી છે. અગાઉ સ્ટોર્મ વોટર લાઇનની કામગીરીને અનુલક્ષી ખોદકામ હાથ ધરવામાં આવ્યુ હતુ. કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલી આ કામગીરીના અંતે સેકટરોમાં મોટા ખાડા અસ્તિત્વમાં આવ્યા હતા જયારે આ ખાડાઓ પણ હજુ પુરાયા નથી જયારે માર્ગો પણ કેટલાક ઠેકાણે ઉબડ ખાબડ બન્યા છે. આવા સંજોગોમાં પુર્વ મેયર રીટાબેન પટેલે આ અંગે જયાં સુધી ખાડાઓ પુરાશે નહી ત્યાં સુધી સંબંધિત એજન્સીને પૈસા નહીં ચુકવાય તેવી વાત પણ કરી હતી. પરંતુ હાલ પણ સેકટરોમાં આ સ્થિતિ યથાવત છે. સે-૬ માં આ કામગીરી દરમિયાન માર્ગ પર પથરાયેલી માટી હજુ યથાવત છે. માટીના લીધે આખો રસ્તો ઢંકાઇ ગયો છે. જેથી સ્થાનિકો હાલ માત્ર વન વે નો ઉપયોગ કરી રહ્યા છે. એકબાજુના આખો રસ્તો બંધ છે. શહેરમાં ખોદકામગીરીના અંતે માર્ગ વચાળેથી પણ માટીના ઢગ દુર કરાતા નથી તો સોસાયટીમાં માટી પુરાણના અંતે પથરાયેલો કચરો દુર હટાવાનો તો સવાલ જ ઉભો થતો નથી. કોર્પોરેશનના બાબુઓ કામગીરી દરમિયાન સ્થળ પર મુલાકાત લેતા નથી જેથી સ્થાનિકોને પડતી મુશ્કેલીનો પણ ખ્યાલ આવતો નથી. માત્ર કાગળ પર જ વહીવટ કરવા ટેવાયેલુ તંત્ર સ્થળ પર કામગીરીનુ નિરિક્ષણ ન કરતા સ્થાનિક રહીશો માટે અનેક સમસ્યા ઉભી થાય છે. એક કામ હજુ પુરુ ન કર્યુ હોય અને બીજી નતનવી સમસ્યાઓ નાગરિકો માટે પરેશાનીનુ કારણ બને છે.

ભીષણ અકસ્માત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જામનગર આરટીઓમાં નોંધાયેલી છે. અકસ્માત એટલો ભયંકર હતો કે ઈકો કારના ફૂરચા નીકળી ગયા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, સવારે ૬ થી ૬.૩૦ની વચ્ચે આ અકસ્માત બન્યો હતો. ઈકો ગાડીને અકસ્માત નડ્યો હતો. ભાવનગરનો પરિવાર સુરતથી ભાવનગર ઈકો કારમાં સવાર થઈને જઈ રહ્યો હતો. ઈકો કારમાં એક જ પરિવારના ૧૦ સભ્યો હતા. ગાડીમાં સવાર એક નાની બાળકી સહિત ૧૦ વ્યક્તિનાં મોત થયાંની બાબતથી સમગ્ર પંથકમાં અરેરાટી અને ગમગીની વ્યાપી છે.

બાળકી મળી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લાકડાના બોક્સમાં એક માસૂક બાળકી હતી, જે રડી રહી હતી. આશ્ચર્યની વાત એ હતી કે બોક્સમાં દેવી-દેવતાઓની તસવીરો લાગેલી હતી અને એક જન્મકુંડળી પણ હતી, જે કદાચ બાળકીની જ હોય. જન્મકુંડળીમાં બાળકીનું નામ ગંગા લખ્યું છે. લાકડાના બોક્સમાંથી મળી આવેલી માસૂક બાળકીને નાવિક પોતાના ઘરે લઈ ગયો.

ધોકા વડે માર... ● ત્રીજા પાનાનું ચાલુ

ઘરે જમવા માટે સ્વીફટ કાર નં. જી.જે.૦૧.આર.વી.-૭૩૨૦ લઈને જઈ રહ્યા હતા. તે સમયે ગોવા ગુટખા ફેકટરીની રેલ્વે ટ્રેક તરફની દિવાસ પાસે પહોંચતા જ કોલવડા ગામના જયદિપસિંહ ઉર્ફે ઉંધી વાઘેલા, તેમજ બે છોકરાઓ એકટીવા લઈને ઉભા હતા. જેમાં જયદિપસિંહના હાથમાં લોખંડની પાઈપ હતી. તેઓએ ગાડી રોકવાનો ઈશારો કરતા સંજય ભાઈએ ગાડી ઉભી રાખી હતી. તે સમયે જયદિપસિંહે કહ્યું કે કેવવલસિંહ તેને વાત કરી તેનુ શુ કરવાનું છે. જેથી સંજય પટેલે આ અંગે કોઈ વાત કરવી નથી તેમ કહી ગાડીમાં બેસવા જતા તે સમયે ફરીયાદીને અન્ય બે છોકરાઓએ પકડી પાડીને ઝપાઝપી શરુ કરી હતી. જયદિપસિંહે પાઈપ ડાબા પગે મારી હતી. ત્યારબાદ કુલદીપસિંહ વાઘેલા, કેવલસિંહ, જયરાજસિંહ વાઘેલા, હમરાજસિંહ વાઘેલા, જગતસિંહ વાઘેલા અને વિજયસિંહ વાઘેલાએ સૌ ભેગા મળીને ફરીયાદીને ગડદાપાટુનો માર, બરડામાં લાકડાનો ધોકો, મારતા સંજય પટેલ ગાડી મુકીને રેલ્વે પાટા તરફ દોડી ગયા હતા. ત્યારબાદ એક કંપનીમાં સંતાઈ જઈને બીજા વ્યકિતના ફોન પરથી ભાગીદારને ફોન કરી વિગત જણાવી હતી. ત્યારબાદ ગાડી જોડે જતા અંદર જોતા ગાડીમાં ફરીયાદીના બે મોબાઈલ તેમજ ગેરેજના સામાન લેવા માટે મુકેલા રૂ.૬૩ હજાર ગાડીમાંથી ગાયબ હતા. જયારે કારને પણ શખ્સોએ નુકશાન પહોંચાડ્યું હતું.

હવાઈ હુમલા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હેઠળ થયો. આ સીઝફાયર સમજૂતિનો હવે અંત આવતો જોવા મળી રહ્યો છે. આ યુદ્ધમાં ઈઝરાયેલ અને હમાસ બંને તરફથી ખુબ હવાઈ હુમલા થયા હતા. જેમાં ૨૫૦થી વધુ લોકો માર્યા ગયા હતા. જેમાંથી મોટાભાગના પેલેસ્ટાઈનના નાગરિકો હતા.

જાહેર હરાજી નિવિદા નંબર-૦૨ સને ૨૦૨૧-૨૨
(બીજો પ્રયત્ન)

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, (રાજય) સબજેલ સામે હિંમતનગર-૩૮૩૦૦૧ ફોન નંબર- (૦૨૭૭૨) ૨૪૧૭૫૧ ધ્વારા પીડબલ્યુંડી ક્વાટર્સ કંમ્પાઉન્ડ, પ